# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

માનસે નહીં, જક્કી ભાજપ પર્ચા વગર!
સમાચારમાં રહેવું, એને ખર્ચા વગર!
ઉકેલ આવતા નથી કયારેય હોબાળાથી -
સૂલઝે ન કોઇ સમસ્યાઓ ચર્ચા વગર!
(પ્રજાના પૈસાની બરબાદી)

## હાઈકુ

રજાની મજા?!
પ્રશ્નો વહીવટના -
પ્રજાને સજા?!
(બેન્ક એસો. ના ગંડુરાજાઓ)

વહેંચો ફોર્મ -
તમે પ્લોટ દઇ દો!
ભોળી પ્રજાને..
(પ્રચાર સ્પર્ધા)

## ચિંતન

સંતુષ્યત્યુત્તમઃ સ્તુત્યા ધનેન મહત્તાધમઃ ।
પ્રસીદન્તિ જયૈર્દેવા બલિભિર્ભૂત વિગ્રહઃ ॥

જે ઉત્તમ છે, સજ્જન માણસ છે તે તો માત્ર પ્રશંસા-વખાણ કરવાથી જ સંતુષ્ટ-ખૂશ થઇ જાય છે, અધમ-નીચ માણસને ધન-ભેટ-સોગાદ આપવાથી રાજી-ખૂશ-પ્રસન્ન થઇ જાય છે. દેવો તેમના નામ-જપથી પ્રસન્ન થાય છે, પરંતુ ભૂત-પ્રેમ-પિચાશ વગેરે અધમ પ્રકારના તત્ત્વો તો 'બલિદાન' આપવાથી જ પ્રસન્ન થાય છે.

દરેક માણસની સંતુષ્ઠીકરણની પોતાની સંસ્કાર અને ગુણ પ્રમાણેની સીમા-મર્યાદા હોય છે. પોતાની સમજ-મર્યાદા-સ્વભાવશીલ પ્રમાણે તેને સંતોષ- થઇ જતો હોય છે.

જે ખરેખર સજ્જન-સંત સ્વભાવના હોય તેને હૃદયપૂર્વક આભાર માનવાથી જ એ આપણા ભાવ સમજી શકે અને ખૂશ થાય છે. એમને બીજી કોઇ જ અપેક્ષા હોતી નથી.

અધમ-નીચ કક્ષાના લોકો કોઇ કામ કરી આપે-ઉપકાર કરે ત્યારે તેના બદલામાં ભેટ-સોગાદ-ધનની અપેક્ષા રાખે છે.

તેનાથી પણ અધમ માણસો કોઇ કામ કરી આપે તેના બદલામાં 'બલિદાન' માગે છે દા.ત. કોઇ પ્રધાનશ્રી કોઇ ગૂનાઇત ને બચાવે તો બદલામાં 'સોપારી' પણ માગી શકે છે..

સજ્જન-સંત-મધ્યમ-અધમ લોકો પોતાના શીલ-સંસ્કાર પ્રમાણે અપેક્ષાઓ રાખતા હોય છે.

## સુવિચાર

- કર્તવ્ય એ વૃક્ષનું મૂળ છે, શબ્દો પાંદડાં છે કર્મો ફળ છે - **શેક્સપિયર**
- કલા વિચારોને મૂર્તિમંત કરે છે - **અમર્સન**
- દયા ભીના હૃદયને દેવ વધારે પડતું દમતા નથી - **કનૈયાલાલ મુન્શી**
- ન જીવેલા જીવનના પડછાયા એ જ કલ્પનાની મનોરમ મૂર્તિઓ - **ધૂમકેતુ**
- તમારે કવિ થવું છે? તો પહેલાં તમારા હૃદય પર પડેલા જખ્મો બતાવો, કયાં છે - **હેમિંગ્વે**
- આપણામાં તોલ-માપની ગ્રંથિ ન બંધાઇ હોત તો આપણે આગિયાની પણ સૂર્ય જેટલી જ અદબ રાખત - **ખલિલ જિબ્રાન**
- બીજાના સુખમાં સુખી અને એના દુઃખમાં દુઃખી થવું એને પ્રેમ કહેવાય - **એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

ઘણીવાર 'સત્ય' એવું સાહજીક રીતે બોલાઇ જતું હોય છે કે બોલનારને પણ ખબર હોતી નથી અને સાંભળનાર સળક થઇ જાય. એક એસ.એમ.એસ વાંચ્યો, પતિ કદી પણ અંધ ભિક્ષુક પર વિશ્વાસ કરતો નથી ને પૈસા પણ આપતો નથી. એક અંધ ભિખારીએ એની પત્નીને કહ્યું, હે સુંદરી, પાંચ રૂપિયા આપો ને!

સ્ત્રી ને ખબર હતી કે પતિને નહીં ગમે તેથી તેણે દાદ ન આપી. પણ પતિએ ભિક્ષુકને પચાસની નોટ આપી દીધી!

પત્નીને આશ્ચર્ય થયું, કેમ તમે તો અંધ ભિક્ષુકોને વિશ્વાસ નથી કરતા ને!

પતિએ ફટ દઇને કહ્યું, એ ખરેખર અંધ જ છે સાંભળ્યું નહીં! તને 'સુંદરી' કહ્યું!!

એવી જ રીતે લિંકન એક પાર્ટીમાં ગયા હતા. સ્ત્રી-પુરૂષો નૃત્ય કરતાં હતા. લિંકન અજાણ્યા મિત્રો સાથે ગપાટાં મારતાં હતા.

એક યુવાને લિંકનને પૂછ્યું પેલી જાડી-ભદ્દી બાઇ કેવી ઉમંગથી નાચે છે, કોણ છે એ?!

લિંકન તરત બોલ્યા, મિત્ર એ મારી પત્ની છે.

ટીકાકાર ભોંઠો પડી ગયો અને ક્ષમા માંગતા કહ્યું, સાહેબ, 'સોરી, મારી ભૂલ થઇ ગઇ.'

લિંકન ફરી સ્મિત સાથે બોલ્યા, મિત્ર એ ભૂલ તો મેં કરી છે. તમારી ભૂલ નથી.'

અને મિત્રમંડળમાં હાસ્ય રેલાયું.

# વિકસીત ભારતીય સંસ્કૃતિમાં અને સાહિત્યમાં પશુપ્રેમ અગ્રસ્થાને છે અને તે વેદના અને સંવેદનાને આભારી છે

**સમાચાર સેતુ**

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા અગાઉ નક્કી કર્યા પ્રમાણે, ઉત્તર ગુજરાતના લોકસેવક શ્રી ત્રિભોવનદાસ પટેલ - લણવાવાળાના સહયોગથી તેઓશ્રીના પિતાશ્રીના જન્મદિન અને પુણ્યતિથિ નિમિત્તે વ્યાખ્યાનમાળા યોજવા આપવામાં આવેલ દાન અંતર્ગત તા. ૧૮-૮-૨૦૧૨ ના રોજ ''ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યમાં પશુપ્રેમ'' વિષય પર, વારાહીસ્થિત પ્રખર વક્તા અને વિદ્વાન પૂજ્ય સંત શ્રી નિજાનંદ બાપુનું વક્તવ્ય, સરકારી જિલ્લા પુસ્તકાલય ગાંધીનગર, સેકટર-૨૧ ખાતે સુપેરે સંપન્ન થયું.

સ્વાગત પ્રવચન કરતાં પ્રમુખ શ્રી દોલતભાઈ ભટ્ટે જણાવ્યું કે જેઓનાં સહયોગથી આ વ્યાખ્યાન યોજાયું છે તે ત્રિભોવનદાસ પટેલ એક અનન્ય પશુપ્રેમી, લોકસેવક અને સાહિતય સેનાની છે કે જેઓનું ઢોર ચોરી નિવારણ સમાપનમાં એક આગવું અને ઉમદા પ્રદાન રહેલ છે. તેઓએ સંતશ્રી નિજાંનદ બાપુની શાબ્દિક સ્વાગત કરતાં ખાસ ઉલ્લેખ કર્યો કે, બાપુ એક મોટા વિદ્વાન અને પ્રખર વક્તા છે, જેઓશ્રી કોઈ પણ વિષય પર કલાકો સુધી મનભાવન વ્યક્તવ્ય આપી શકે છે. ત્યારબાદ બાપુ અને મહાનુભાવોનો પુનિત કરકમળથી ''દિપ પ્રાગટ્ય'' કરી, સંતશ્રી નિજાંદન બાપુનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું અને બાપુને હાજર સર્વેની ઓળખ આપવામાં આવી.


બાપુએ તેઓશ્રીનાં વક્તવ્યમાં ભૂમધ્ય સમુદ્રના ટાપુ પર અર્ધ ચંદ્રાકારે ઉભેલ પથ્થરનાં તોતિંગ અને વિશાળ બાવલાંનો ઉલ્લેખ - નિર્દેશ કરીને જણાવ્યું કે, આ બાવલાંની બાજુમાં કરાલ ખીણો છે અને આ બાવલાંની કામ કોઈક અધૂરૂં છોડીને ગયા હોય તેવું લાગે છે અને તેઓ કોણ હતા તેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તે સમયમાં રોલીંગ-ચક્રોની ઉપલબ્ધિ નહી હોવાથી, પથ્થરોમાં સ્થળાંતર માટે વૃક્ષોના થડનો ઉપયોગ કરીને આ બાવલાં તૈયાર કરાતાં, વૃક્ષોનું નિકંદન નીકળી ગયું. આ બાવલાં બનાવવા પાછળ માનવનો ક્રેઝ - ઘેલશા રહેલાં છે. આ ઘેલશાં ધાર્મિક, આર્થિક, માનવીય, સામાજિક કે વૈચારિક પણ હોય! આમ આ ઘેલશાનું પરિણામ શૂન્યતામાં પરિણમ્યું. આ ઘેલશા વૈચારિક ન હોવાથી બીજું કંઇ ન વિચારતાં છેલ્લાં વૃક્ષો પણ ન બચ્યાં અને ૪૫૦ કિ.મી. ટાપુ ન હોવાથી, પ્રાકૃતિક સંશોધનો નષ્ટ થયાં અને પરિણામે, એ સંસ્કૃતિ નષ્ટ થઈ. અને તે માત્ર એક ''એન્ટિક પીસ'' બનીને રહી ગઈ! ઈજિપ્તની સંસ્કૃતિ પણ અસ્તિત્વ ટકાવી ન શકી અને મેક્સિકોની સંસ્કૃતિ પણ એકમાત્ર ''એન્ટિક પીસ'' બનીને ઉપયોગહીન બનીને રહી ગઈ! આમ પ્રાકૃતિક સંતુલન નહીં જળવાય તો વૈશ્વિક સંસ્કૃતિ પણ જળવાય નહીં. આથી જ ભારતીય સંસ્કૃતિ લાઈવ કલ્ચર - જીવંત સંસ્કૃતિ હોઈ તેનું મૂળ સ્થાન યથાવત છે. તે ટકી રહેવાનું મૂળ કારણ તે ત્રિપરિમાણીક - થ્રી ડાઈમેન્શન પર રચાયેલ સંસ્કૃતિ છે, અને તે છે (૧) સિન્ધુ (૨) સરસ્વતી અને ગંગા - જ્ઞાન, ગાય અને ગંગાની વૈચારિક પરિવર્તિત સંસ્કૃતિ.

ભારતીય સંસ્કૃતિનું સિંચન સિન્ધુ નદિને કાંઠે થયું જેણે આર્યોને પોષ્યા અને ફળદ્રુપતા અને ધન-ધાન્યના ઢગલા થયા. પ્રથમ તબક્કે મસલ્સ યજ્ઞ અને યુધ્ધો થયાં, આર્યોએ આક્રમણો કર્યા અને આર્યો સરસ્વતી નદીને કાંઠે આવ્યાં. જયાંથી બીજો તકબક્કો શરૂ થયો જયાં બુધ્ધિત્વનું દોહન થયું અને જીવનલક્ષી, બુધ્ધિને કસતા પ્રશ્નો ઉદ્ભવિત થતાં સારસ્વતો - બૌધ્ધિકો આગળ આવ્યાં અને વૈચારિક શક્તિ વિકસતાં જણાયું કે તૃપ્તિ માત્ર પદાર્થોથી જ થતી નથી. દૂબળી, પાતળી, કાણી, કૂબડી ગાયો જે મરવા પડેલી હતી તેનું દાન કરતાં પિતાજીને જોઈ, ૭ વર્ષના બાળક નચિકેતના દિલમાં સંવેદનાના સૂરો ઊઠ્યા. તેનું નિર્દોષ હૃદય દ્રવી ઉઠ્યું કે, આવી ઉપયોગહીન ગાયોનું અન્યને દાન કરીને પિતાજી શું મેળવવા - સિધ્ધ કરવા માગે એટલે કે 'સંવેદના'ની શરૂઆત થઈ. જીવન ચલાવવા જરૂરી એવું પ્રોટીન મેળવવા પ્રાણીઓની હિંસા થતી હતી પરંતુ આ વૈચારિક સંવેદનાની શરૂઆત થતાં હિંસા સિવાય પ્રોટીન શામાંથી મળે તે અંગેનું વૈચારિક મનોમંથન શરૂ થયું અને આમ અમૃત સમાન દૂધ અને નવનીત (નિત્ય નવું) ની શોધ થતાં, પશુઓ પ્રત્યેની અનુકંપા વધી અને ગાય એ જીવનદાતા બની, જે શ્રીકૃષ્ણ અને ચંદ્રગુપ્તના તેમના સમયમાં ગાયો સાથેના સીધા સંપર્ક પરથી જોઈ શકાય છે.

સરસ્વતી કાંઠે વિકસેલ બાબતોને જાળવવા ટકાવવા માટે આર્યોનું ગમન ચાલું રહ્યું અને તેઓ ગંગા કાંઠે આવ્યાં. જયાં ખેતીનો વિકાસ થતાં, ખેતીએ ભારતીય સંસ્કૃતિને વધુ પોષી અને બચાવી છે. બળદની કાંધેથી ધૂંસરું નથી ઉતાર્યું તેનું આ પરિણામ છે અને આથી જ ખેતીમાં ગાયોનો જાયો બળદ મુખ્ય ઉપયોગી અંગ બન્યો, જે ભારતીય સંસ્કૃતિ માટે 'પિતા' કહી શકાય. ગંગા કિનારે આવ્યા પછી યુધ્ધ અને યજ્ઞો રોક્યા રોકાતા નથી અને તેને રોકવા પણ ન જોઈએ, અહીં યજ્ઞ એટલે હૉમ-હવન નહીં, પરંતુ ઉત્પાદન અને યુધ્ધ એટલે માનવ-માનવ વચ્ચેનો સંહાર નહીં, પરંતુ અજ્ઞાનતા, વેરભાવ, વૈમનશ્યતા, ઘમંડ અને ઊંચ-નીચતાનો સંહાર!

ઉત્તરોત્તર વિકસતી ગઈ અને સચવાઈ રહી છે તેનું મૂળ કારણ સંવેદના છે અને આ સંવેદનાને પરિણામે જે પશુપ્રેમ ઉત્પન્ન થયો છે અને જે શ્વેતક્રાંતિ થઈ તે મુખ્ય આધારશિલા છે. આમ, વિકસીત ભારતીય સંસ્કૃતિમાં અને સાહિત્યમાં પશુપ્રેમ અગ્રસ્થાને છે અને તે વેદના અને સંવેદનાને આભારી છે.

નિજાનંદ બાપુનું અસ્ખલિત અને અવિરત દોઢ કલાકનું મનનીય વ્યક્તવ્ય સર્વેએ ખૂબ જ શાંતિથી મનભર રીતે મોટી સંખ્યામાં માણ્યું અને ઉપપ્રમુખ શ્રી ભરત કવિ દ્વારા સર્વોનો આભાર માની વ્યક્તવ્ય પૂર્ણ થયું.



(૨) આ સંસ્થાના કોષાધ્યક્ષ શ્રી સુમંતભાઈ મંગળદાસ શાહની, શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણાનાં ''વૈષ્ણવ બાલપુષ્ટિ'' અંકમાં પ્રકાશિત ગદ્ય પદ્ય કૃતિઓમાં શ્રેષ્ઠ કૃતિ ''પ્રભુને વિનંતી'' શ્રી હરસાનીજી સારસ્વત સન્માન એવોર્ડ-૨૦૧૨ માટે પસંદગી થતાં તેઓને ગો.વા.શ્રી રમેશભાઈ પરીખની સ્મૃતિમાં ''સારસ્વત સન્માન એવોર્ડ'' અંતર્ગત રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા, તે સાહિત્ય સભા માટે ગૌરવની વાત છે. તેઓશ્રીને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભેચ્છાઓ.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

(૩) ગાંધીનગરમાં હાસ્યોત્સવ ઉજવાશે

સમસ્ત પ્રજ્ઞા પરિવાર અભ્યુદય ટ્રસ્ટ થતાં યુવા પ્રજ્ઞા પ્રસ્તુત ''હાસ્યોત્સવ-૨૦૧૨'' નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા કવિઓ અને હાસ્યકારો જેમ કે, ભર્ગદેવ ભટ્ટ, હરિકૃષ્ણ પાઠક, મનહર શુકલ, ભક્તિ જોષી, દર્શન મહેતા વિગેરે હાસ્યની રસલ્હાણ તા. ૨૫-૮-૨૦૧૨ ને શનિવારના રોજ ડૉ. આંબેડકર ભવન ખાતે સેકટર-૧૨ ગાંધીનગર ખાતે રેલાવશે. જો કે આ કાર્યક્રમ આમંત્રિતો પૂરતો મર્યાદિત છે.

### કાવ્ય સેતુ

### સોનુ વરસે છે

ઝરમર ઝરમર મહેનો નિનાદ સુણી હૈયું હલકે,
સોનું વરસે છે
માટી ને મેહની ફરફર માદક અત્તરની સુગંધ મહેંકે,
સોનુ વરસે છે
ધરતી આભનો ધબકાર સુણી હૈયુ ધડકે થડકે,
સોનુ વરસે છે
વા વાયુનો વીંઝણો શીળી શીતળતા સભરતા અર્પે,
સોનુ વરસે છે
વૃક્ષોની ડાળોને ખોળે લીલાં પર્ણો ઝુલણે ઝુલે,
સોનુ વરસે છે
પર્યાવરણ પ્રિત પ્રેરક પેયનું પામે પોષે,
સોનુ વરસે છે
જનજનમાં તે ભરપૂર આશ ઉંમગ હિલ્લોરે,
સોનુ વરસે છે
અનુભૂતિ અદ્ભૂત સુંદર સાલસ પ્રાકૃતિક સંસ્પર્શે
સોનુ વરસે છે

- સુમંતભાઇ મ. શાહ

# આ ક્રાંતિવીરને ઝબ્બે કરવા અંગ્રેજ અધિકારીઓ આઝાદી પૂર્વે આકાશ-પાતાળ એક કરી રહ્યા હતા, ક્રાંતિવીરોમાં પણ આ એવી વ્યક્તિ હતા કે જેની ત્રણ ત્રણ પેઢી આઝાદી માટેની બલિવેદી ઉપર ચડી ગઇ!

જન્મ તા. ૨૧-૧-૧૮૭૨
મૃત્યુ તા. ૧૪-૮-૧૯૪૨



ભારતના ક્રાંતિકારી કેસરીસિંહજી સૌઢાના શબ્દો રાજસ્થાનમાં સંભળાય ત્યારે તેમનાં એક માત્ર 'હૂંકારે' અંગ્રેજ શાસન જ નહિ ભલભલા રાજવીઓ ખળભળી ઉઠતા. આ ક્રાંતિવીરને ઝબ્બે કરવા અંગ્રેજ અધિકારીઓ આઝાદી પૂર્વે આકાશ-પાતાળ એક કરી રહ્યા હતા. ક્રાંતિવીરોમાં પણ આ એવી વ્યક્તિ હતા કે જેની ત્રણ ત્રણ પેઢી આઝાદી માટેની બલિવેદી ઉપર ચડી ગઈ! રાજસ્થાનના કોટા રાજયના એ રાજકવિ એ માતૃભૂમિને પરતંત્રતાની બેડીઓમાંથી મુક્ત કરવાની ગળથૂંથી પીધી હતી. મા ભોમની ખૂમારી પણ કેવી? જયારે લોર્ડ કર્ઝને પોતાનો દબદબો દેખાડવા ભારતભરના રાજવીઓને (ઈ.સ. ૧૯૦૩ ફેબ્રુ.) દિલ્હી નોતર્યા ત્યારે ચિત્તોડના મહારાણા ફત્તેસિંહ પણ દિલ્હી જવા નીકળ્યા. તેમને 'સ્ટાર' નો ખિતાબ મળવાનો હતો. કેસરીસિંહ હલબલી ઉઠ્યા. તેમણે ચેતવણીના તેર દુહા ફત્તેસિંહને મોકલ્યા ને દિલ્હી દરબારમાં મહારાજા હાજર થયા વિના પરત આવેલાં!

## ક્રાંતિકારી કેસરીસિંહનો એક પત્ર

- શિવદાન ગઢવી

આ કેસરીસિંહને ગુજરાત સાથે ગાઢ નાતો હતો. એમનાં વડવા બારૂ ચારણ આઈ વરખડી (બીજા)નું સંતાન હતા જે સુરેન્દ્રનગરના હળવદ તાલુકાના ખોલ ગામનાં વતની હતા. કેસરીસિંહ ભારતના સૂર્યરામ હતા. 'સૌઢા ચારણોની એક સાખા છે. અખિલ ભારત ચારણ સભાના તે પ્રમુખ હતા.'

અંગ્રેજ અફસરો એક બોમ્બ કાવત્રાળા આ ક્રાંતિકારી વીરને શોધતા હતા. ત્યારે અમદાવાદ ચારણ પ્રગતિ મંડળના બે મહાનુભાવોએ તેમને લાંબા સમય ભૂગર્ભમાં ઉતારી દીધેલ, એક હતા ચારણી સાહિત્યનાં સંશોધક અને 'ચારણ' તેમજ 'ચારણ બંધુ' મુખપત્રોમાં સંપાદક ખેતસિંહજી મીસણ જેમણે રાજસ્થાન - ગુજરાતનાં અગ્રણીઓ સાથે સાહિત્યિક પત્ર નાતો હતો. તે મોઢેરા (ઉ.ગુજરાત) ના વતની હતા. બીજા કલોકના દાજીભાઈ ભાટી હતા કે જેમણે રવિશંકર મહારાજ સાથે કામ કરેલું.

ખેતસિંહજીના વિશાળ પત્ર સંગ્રહમાં પી.કેસરીસિંહજીના તેમની ઉપરનાં પત્રમાં કેવી છબિ નિખરી ઉઠે છે તે જુઓ. (તા. ૨૯-૭-૧૯૩૫ ના પત્રના મહત્ત્વના અંશો)

માણિક ભુવન,
કોટા
(રાજપૂતાના)

પ્રિય ખેતસિંહજી સાહેબ,

આપનો તા. ૨૨-૭-૧૯૩૫ નો પ્રેમપૂર્ણ પત્ર મળ્યો. મારા શરીર અંગે આપની જે ધારણા છે. તે આપના પ્રેમનું જ પ્રતિબિંબ છે. સંસારમાં સર્વત્ર એક્કા જ છે. બાકી જીવન ધક્કા છે! આઠ વર્ષ વીતી ગયા મારા જીવન સંગીનીને! જે દિવસે તેની ચિતાના અગ્નિ જવાળા પૂંજને મારી અંતર ભીંની આખોથી નિરખી ત્યારે મારા રૂંધાયેલા કંઠમાં જે ગણગણાટ શરૂ થયો ને કાવ્ય ધારા વહી તે આ પ્રમાણે છે,

**પતિત પાવન દીનબંધો શરણ ઈક તરી ગ્રહી**
**સામ્રાજય શક્તિ શત્રુ વહી, સર્વસ્વથા શોક ઢગયા.**
**પ્રિય પુત્ર વીર પ્રતાશ શા, વેદીબલિ પર ચઢ ગયા.**
**ભ્રાર્ત જોરાવર હુઆ પ્યારા, નિછાવર પથ વહી... પતિત (૧)**
**વિશ્વાસઘાતી હુએ સાથી (જો), સુખ સૂના તે મરણ એં,**
**કાલ કોટરિ કઠિન, કારાગાર કી સાક્ષી રહી... પતિત (૨)**
**સ્વાર્થી સહોદરને ભરી, કારી કલેજે ચૂંટકિયાં,**
**ભયભીય બાંધવમિત્ર ગણને, ભા ચૂરાઈ અખિયાં,**
**દેશભક્તિ પર વિષય ઉપહાસકી, લાંતે સહી... પતિત (૩)**
**કિંતુ સચ આધાર મેં, પ્રાણેશ્વરી કા પ્રાન થા,**
**યહ ખર્ણી બિન અંધા રહો ગઈ, સારી મહી... પતિત (૪)**
**અજ હો ન`રી જનની કા, દાસત્વ બંધન કટ ચૂકા,**
**માતૃ ક્રુંદન માંગના આહુતિયોંકા નહિ રૂકા,**
**બોટિયાં તનકી ઉડે, અભિલાષ અબ ભી હૈ વહી,**
**પતિત પાવન દીન બંધો, શરણ ઈક તેરી ગ્રહી... (૫)**

૧) કવિના ત્રીજાભાઈ જોરાવરસિંહ,
૨) 'મણી' કવિ પોતાની પત્નીને આ નામે બોલાવતા)

કેસરીસિંહ વીર રસના કવિ હતા. માતૃભૂમિ માટે જે એમના હૃદયમાંથી ખનખન અંગાર, ઝરતા હતા. વેદના હતી તે ઉપરોક્ત કાવ્યમાં પોતાની પત્નીના મૃત્યુ પ્રસંગે પણ કાવ્ય દ્વાર વ્યક્ત થઈ તેમાં દેખાઈ છે. આઝાદી માટેનાં કેવાં કેવાં અરમાનોનાં થોડા દોડતાં હશે તે આ દિલ દ્રાવક કાવ્યમાં જોવામાં આવે છે.

આ હિન્દી રાજસ્થાની કાવ્યનું અર્થઘટન આ પ્રમાણે છે.

સંકટ સમયે બધા જ એમની પાસેથી ખસતાં ગયા! નિર્મદને પણ આંબી જાય એવી એમની લેખિની હતી. જોધપુર ચારણ છાત્રાલયમાં બોમ્બ બનાવવાના કાવતરામાં એમની ધરપકડ કરેલી. કેટલાંક અગ્રણી ચારણો એમનાથી એટલા માટે ભટકતા કે રાજવીઓ - અંગ્રેજો તેમના ઉપર ખફા થશે!

જે સમયે સામ્રાજય શક્તિ શત્રુ બની હતી તેવા સાથે જ શોકમાં વાદળો છવાયાં! (પોતાની અર્ધાંગિની 'મણી' નું અવસાન થયેલ) પોતાનો વ્હાલ સોયો પુત્ર પ્રતાપ આઝાદીનાં બલિવેદી ઉપર ચડી ગયો! પોતાનાથી નાનો ત્રીજો ભાઈ જોરાવરસિંહ પણ ફનાગીસના માર્ગે હતો. સાથીઓ વિશ્વાસઘાતી બન્યા. તેમણે શત્રુનું શરણું લીધું. કઠિન કારાગૃહની કોટડી એની સાખ પૂરે છે. સ્વાર્થી એક ભાઈએ પણ કલેજામાં કાળી ચૂંટલીઓ ભરી. ભયભીત કુટુંબીઓ અને મિત્ર સમુદાયે આંખો મીંચી દીધી! એટલું જ નહિ મારી દેશભક્તિ માથે વિષ્ય હાસ્ય વેર્યું જાણે કે લાતો મારી આવા દુઃખના ઘાવ ધીરજથી સહ્યા, મારામાં દેશભક્તિનું અભિમાન બોલતું રહ્યું. આ બધા દુઃખો વચ્ચેનું બળ મારી પ્રાણેશ્વરીનો પ્રાણ હતો (કવિએ અહીં શ્લેશ અંલકાર સર્જયો છે.)

તે 'મણિ' સિવાય મારા માટે સર્વત્ર અંધકાર ભાસ્યો. દુઃખતો એ બાબતનું છે કે હજુ સુધી મારી માભોમની પરતંત્રતાની બેડીઓ તુટી નથી. માતૃભૂમિનું મને આક્રંદ સંભળાય છે કે હજુ આહૂતિઓ માગે છે.

# શું તમારી પાસે આ વાંચવાનો પણ સમય છે?

જિંદગી એટલે ક્ષણનો સરવાળો અને જીવન એટલે માણેલ ક્ષણોનો સરવાળો. હરપળે આપણે શ્વાસ - ઉચ્છવાસની પ્રક્રિયા સતત કરતા જ હોઈએ છીએ પરંતુ હાશ! કહી કરેલ શ્વાસોચ્છવાસની ક્ષણો કેટલી? માણસ જેમ જેમ મોટો થતો જાય છે, આઈ મીન પૈસાદાર બનતો જાય છે તેમ તેમ તે એક બાબતમાં ગરીબ બનતો જાય છે અને તે છે સમયની બાબત તરત માણસ બોલશે, ''બૉસ, સમય નથી.'', ''ફરી કયારેક'', ''ચાલો ભાગું યાર'', લગભગ સૌનો એક સરખો અનુભવ રહે છે. ધીમી ગતીનાં વાહનો કંટાળો લાવે છે. ટુ-વ્હીલરથી માંડી મસમોટાં વાહનો - બધાંને ઝડપ જોઈએ છે.

ઉતાવળ કરતાં કરતાં સમયસર નીકળવું વધુ અગત્યનું છે છતાં દોડવું જ પડે તે રીતે આપણે ઘર-ઓફિસ કે દુકાન છોડીએ છીએ. બે ઘડી ઉભા રહી અગત્યનો ફોન કરવા જેટલો સમય આપણી પાસે નથી. અને આ સમય બચાવવાની ધમાલમાં કયારેક જીવનનો સમય પૂરો થઈ જતો હોય છે.

આપણે જાણીએ જ છીએ કે દોડવું નિરર્થક છે. સમયસર પ્રયાણ કરવું મહત્ત્વનું છે પરંતુ આ જીવનનું સૌથી મહત્ત્વનું અને અતિ અગત્યનું હોવા છતાં તેને માટે કૅરલૅસ બની ગયાં છીએ.

ખબર નહીં પણ બધે જ સમયની મારામારીનો સૌને સાક્ષાત્કાર થયા કરે છે. ઘણીવાર તો કાંઈ જ મહત્ત્વનું ન હોવા છતાં સમયસર નીકળાતું નથી, અથવા ગંતવ્ય સ્થળે કાંઈક કાંદા કાઢવાના ન હોવાં છતાં ભાગીને પહોંચતા હોય છે. મેં જોયું છે કે ગલ્લે પાન ખાવા માટે જતાં વ્યક્તિને મારંમાર જવાની ગેલછા હોય છે. આજની યુવા પેઢીને આ સ્પીડની જ પડી હોય છે. વાહન ખરીદતાં તેની સ્પીડ પીકઅપ આ વાતને મહત્ત્વ અપાય છે. એવું નથી કે જેન્ટ્સ વાહનો ઝડપે હંકારે છે ઉલ્ટું એ જ જણાઈ આવશે કે બહેનો વધુ ઝડપે વાહન હંકારે છે.

ભીડભાડવાળા શહેરમાં આમ પણ ટ્રાફિક વધુ હોય છે અને બધે જ સમયસર પહોંચવાની ચિંતામાં ટ્રાફિક નિયમોની ઐસીતૈસી કરી સૌ દોડે છે. સમયસર બ્રેકફાસ્ટ થી માંડી સમયસર ડિનર લઈ શકાતું નથી. અને કદાચ લેવાનું થાય તો રીસ્ટ વૉચ યા દિવાલ ઘડિયાળમાં જાણે અજાણે ડોકિયું બે-ત્રણ વાર થાય છે. સાલું, આજે મોડું થઈ ગયું છે બોલતાં જ દોડતી ઝડપે ચાલવું પડે છે. આજે તો આવી જ બન્યું છે, ના પોકાર સામાન્ય પણે અજાણ્યા આગળ પણ બોલી જવાય છે.

તમને નથી લાગતું કે જાણે નિરાંત શબ્દ જ નહીં સાચ્ચે જ નિરાંત ગાયબ થઈ ગઈ હોય? હાશ! છે જ નહીં. ચોકમાં કે ગૅલેરી કે ઝરૂખામાં હિંચકે બેઠાં બેઠાં કશુંક મમરાવતાં જોવા મળે છે ખરા? જવાબ આવશે ના. સ્વપ્ને પણ આવો સમય આપણી આજુબાજુ ફરકતો નથી.

કયાંક બિનઉપયોગી વૃધ્ધોને કદાચ આવું જીવન જીવતાં જોયા હોય તો તેમની કદાચ લાચારી હશે. સાવ એવું પણ નથી. સમયની સાથે જીવનારા જોવા મળે છે. આનંદ અને આરામથી જીવતા માણસો ને જોયા છે પરંતુ તેમને પણ દોડતા કોઈ સાથે ભટકાવું ન પડે તેની કાળજી રાખવી પડે છે. આપણે પોતે અનુભવતા અને આપણા જ ઘરમાં કે આજુબાજુ આવાં વ્યસ્ત લાઈફને જોઈ કયારેક થતું હોય છે કે નિરાંત કયારે મળશે?

## 'સરકી જાયે પળ'

- હર્ષદરાય ઉપાધ્યાય

અરે, એટલા માટે ઘણાને રજાઓમાં કે તહેવારોમાં દૂર આરામદાયક સ્થળે કે હિલ સ્ટેશન જેવા સ્થળે નિરાંતનો સમય શોધવા જતા જોયા છે. પરંતુ ત્યાં પણ આપણને જેવા સમદુઃખીયાઓની ખોટ કયાં હોય છે? ત્યાં પણ લગભગ શાંતિ મળે એવું ઓછું બને છે.

ધરતીનો છેડો ઘર એ ન્યાયે ઘરમાં તો જંપ વળવો જોઈએ પણ સમય ત્યાં પણ નથી મળતો. સૌ પોતપોતાના ભાગનો સમય કૅક કાપતા હોઈએ તેમ કાપીને જીવે છે. અન્ન ભેગાં તેનાં મન ભેગાં એવું કહેવાય છે. જરા યાદ કરો કે બે ટાઈમ બે ભેગાં બેસી સૌ ટી.વી. અને મોબાઈલ સ્વીચ ઑફ કરી હસતાં હસતાં ભોજન લીધું હોય તેવા દિવસો કેટલાં? કદાચ આવો 'પ્રસંગ' યાદ આવતો નથી.

કયારેક વડિલોને કહેતા સાંભળીયે છીએ કે અમારા જમાનામાં તો આમ હતું ને તેમ હતું. લગ્નની જાન ત્રણ દિવસ રોકાતી. અને આજે શી સ્થિતિ છે?

કેમ આમ? સરળ લાગતાં પ્રશ્નનો જવાબ પણ સહજ જ છે. આપણે બિનજરૂરી ઉપાધિઓને નોંતરી છે. વધુ મેળવવાની અને બીજા કરતાં આગળ નીકળી જવાની ઉતાવળમાં ઘણું બધું પાછળ છૂટી જાય છે. રહી જાય છે, ભૂલાઈ જાય છે, છેક આગળ પહોંચવાની દોડ વિષે વિચારવાોન સમય પાકી ગયો છે. સસલાં કરતાં કાચબો પ્રથમ વિજેતા બને છે, તે ભૂલાઈ ગયું છે.

સમય વિષે વિચારવાનો સમય થઈ ગયો છે. પોતાનું પારકું બની જતું અટકાવવા થોભો - વિચારો અને પછી આગળ વધવા જેવું છે. શહેરમાં ઠેર-ઠેર ટ્રાફિક સિગ્નલ તમને વારંવાર આંખ મીંચકારી ધ્યાન ખેંચે છે. ધીમા પડો - થોભો અને જાઓ એમ સંજ્ઞા શું માત્ર વાહનો માટે જ છે? વિચારો અને જીવન દોડને આ સંજ્ઞા પ્રમાણે હંકારો. પછી જુઓ કયાંક સંબંધો અથડાશએ નહીં. બધે બધું સચવાશે. અને વારાફરતી સુખનું ગ્રીનલાઈટ થશે અને પછી પ્રગતિ અને શાંતિના પંથે ચાલવાનું અને ગણગણવાનું.

''ચરર.. ચરર.. મારું ચગડોળ ચાલે, ચાકર ચૂમ ચીંચીં બોલે... ઉપર નીચે હાલે.''


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


### ૨૫મી ઓગષ્ટ

- ગુજરાત પ્રકૃતિ મંડળના સ્થાપક. વિજ્ઞાનના વિષયનું પ્રથમ ત્રિમાસિક શરૂ કરનારા જાણીતા પ્રકૃતિવિદ, પક્ષીવિદ હરિનારાયણ ગિરધરલાલ આચાર્યનો જન્મ ૧૮૯૭.

વનેચરના નામથી, 'વનવગડાના વાસી' કટારને વાંચકો આજેય યાદ કરે છે.



- ૧૪૯૮ પહેલો ફિરંગી મુસાફર વાસ્કો-દી-ગામા હિન્દની ધરતી કોઝીકોટે-કાલિકટ બંદરે ઉતર્યો.
- ૧૭૫૪ - વિલિયમ મરડોક - ગેસના દીવાના



શોધકનો જન્મ.

- ડાઇનેમાઇટના શોધક વૈજ્ઞાનિક માઇકલ ફેરાડેનું અવસાન ૧૮૬૭.
- ગાંધી વિચારધારા પર સાહિત્ય લખનારા હિન્દી ભાષાના લેખક હરિભાઇ ઉપાધ્યાયનું અવસાન ૧૯૭૨.